# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતીમાં પશ્ચિમ બંગાળમાં ભાજપની સુવેન્દુ અધિકારી સરકારે શપથગ્રહણ કર્યા.. પાંચ મંત્રીઓએ પણ શપથ લીધા.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં 'સોમનાથ અમૃત પર્વ-2026'ની સોમવારે થનારી ઉજવણીમાં ભાગ લેશે.**
3. **પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને અટલ પેન્શન યોજનાના વર્ષ પૂર્ણ 11 થયા.**
4. **લેફ્ટનન્ટ જનરલ એનરાજા સુબ્રમણ્ય આગામી ચીફ ઓફ .એસ. ડિફેન્સ સ્ટાફ સીડીએસ તરીકે નિયુક્ત.**
5. **IPL ક્રિકેટમાં, આજે રાજસ્થાન રોયલ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ મુકાબલો થશે.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# SUVENDU ADHIKARI TAKES OATH

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે શ્રી સુવેન્દુ અધિકારીએ શપથ લીધા. આજે કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા સમારોહમાં મુખ્યમંત્રી સાથે પાંચ કેબિનેટ મંત્રીઓએ પણ શપથ લીધા. રાજ્યપાલ આર.એન. રવિએ મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા.

કેબિનેટ મંત્રીઓમાં દિલીપ ઘોષ, અગ્નિમિત્ર પોલ, અશોક કીર્તાનિયા, નિસિથ પ્રમાણિક અને ક્ષુદીરામ ટુડુનો સમાવેશ થાય છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

અગાઉ, પ્રધાનમંત્રીએ બ્રિગેડ ગ્રાઉન્ડ પહોંચતા પહેલા રોડ શો કર્યો હતો.

# SOMNATH AMRIT PARV

સોમનાથ મંદિરના પુનર્નિર્માણના 75 વર્ષ નિમિત્તે 'સોમનાથ અમૃત પર્વ-2026' ઉજવાઈ  રહ્યું છે. પાંચ દિવસીય ઉજવણી મંદિરના ઐતિહાસિક મહત્વને ઉજાગર કરે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર  મોદી સોમવારે સોમનાથ મંદિરની મુલાકાત લેશે.

સાંભળીએ એક અહેવાલ

## (VOICE CAST : APARNA KHUNT)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસની ગુજરાતની મુલાકાતે આવશે. તેઓ સોમવારે સોમનાથ અમૃત મહોત્સવમાં ભાગ લેશે. ગુજરાત મુલાકાત દરમિયાન તેઓ વડોદરામાં સરદારધામ છાત્રાલયનું ઉદઘાટન કરશે અને સભામાં સંબોધન કરશે.

# PM-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે કર્ણાટક અને તેલંગાણાની મુલાકાત લેશે. તેઓ બેંગલુરુમાં આર્ટ ઓફ લિવિંગના 45 વર્ષના સમારોહમાં ભાગ લેશે અને આર્ટ ઓફ લિવિંગ ઇન્ટરનેશનલ સેન્ટર ખાતે નવનિર્મિત ધ્યાન મંદિરનું ઉદ્ઘાટન પણ કરશે. ત્યારબાદ શ્રી મોદી હૈદરાબાદમાં લગભગ નવ હજાર 400 કરોડ રૂપિયાના બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે.

# SITHARAMAN-JAN SURAKSHA

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને અટલ પેન્શન યોજનાના 11 વર્ષ પૂર્ણ થયા. નાણા મંત્રાલયે જણાવ્યું કે આ યોજનાઓ બધાને, ખાસ કરીને સમાજના વંચિત અને નબળા વર્ગોને, સસ્તી  નાણાકીય સુરક્ષા આપવા માટે અમલમાં મુકાઇ હતી. યોજનાઓ વિશે બોલતા, કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે પીએમ જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ 27 કરોડથી વધુ નોંધણીઓ, પીએમ સુરક્ષા વીમા યોજનામાં 58 કરોડ અને અટલ પેન્શન યોજના હેઠળ 9 કરોડ નોંધણીઓ કરવામાં આવી છે. શ્રીમતી સીતારમણે બેંકો અને વીમા કંપનીઓના ક્ષેત્રીય અધિકારીઓ સહિત તમામ હિસ્સેદારોની પ્રશંસા કરી હતી, જેમના સમર્પિત પ્રયાસોથી આ યોજનાઓને મોટી સફળતા મળી છે.

આ પ્રસંગે, નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું કે આ યોજનાઓનો ઉદ્દેશ્ય ગરીબમાં ગરીબ વ્યક્તિને વીમા કવરેજ અને પેન્શન સહાય પૂરી પાડવાનો છે. શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે યોજનાઓનું મુખ્ય કેન્દ્ર નોંધણી અને દાવાઓનું ડિજિટાઇઝેશન અને સરળીકરણ છે.

# CHILE FOREIGN MINISTER-VISIT

ચિલીના વિદેશ મંત્રી ફ્રાન્સિસ્કો પેરેઝ મેકકેના આજથી 15 મે સુધી ભારતની સત્તાવાર મુલાકાતે રહેશે. શ્રી મેકકેના આવતીકાલે દિલ્હીમાં એક કાર્યક્રમમાં હાજરી આપશે. સોમવારે, તેઓ ભારતીય અન્ન આયાતક મંચ અને એસોચેમ દ્વારા આયોજિત કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ સાથે વાતચીત કરશે અને ભારતીય ઉદ્યોગ પરિષદના વાર્ષિક વ્યાપાર સમિટમાં હાજરી આપશે.

# REV PM-RABINDRANATH TAGORE

ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરની 165 મી જન્મ જયંતી નિમિત્તે દેશભરમાં તેમને શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે. આજે શાંતિનિકેતન, વિશ્વભારતી યુનિવર્સિટી અને સમગ્ર પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાં મુખ્ય ઉજવણીઓ સાથે, વિશ્વભરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા છે, જેમાં રવિન્દ્ર સંગીત, કવિતા, નૃત્ય અને નાટકનો સમાવેશ થાય છે.

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોચીશે વૈશાખ નિમિત્તે ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ગુરુદેવ ટાગોરનું યોગદાન સાહિત્યના ક્ષેત્રથી ઘણું આગળ વધ્યું છે. તેમણે આશા વ્યક્ત કરી કે ગુરુદેવના કાલાતીત ઉપદેશો મનને પ્રકાશિત કરતા રહેશે અને તેમની સામૂહિક યાત્રાને પ્રેરણા આપતા રહેશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ટાગોર એક લેખક, વિચારક અને અસાધારણ તેજસ્વીતાના કવિ હતા. શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે ટાગોરના વિચારો મનને પ્રકાશિત કરતા રહેશે અને નાગરિકોને તેમના પ્રયાસોમાં માર્ગદર્શન આપતા રહેશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ગૃહમંત્રી અમિત શાહે કહ્યુંકે, કવિ ગુરુનું જીવન દેશવાસીઓને સ્વતંત્ર વિચાર, માનવતાવાદી મૂલ્યો અને સાંસ્કૃતિક સંશ્લેષણ તરફ પ્રેરણા આપે છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવનાને ખૂબ જ મજબૂત બનાવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# CDS SUBRAMANI

કેન્દ્રએ લેફ્ટનન્ટ જનરલ એન.એસ. રાજા સુબ્રમણ્યને આગામી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ સીડીએસ તરીકે નિયુક્ત કર્યા છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણ્ય તેમના કાર્યભાર સંભાળ્યાની તારીખથી અને આગામી આદેશો સુધી લશ્કરી બાબતોના વિભાગના સચિવ તરીકે પણ સેવા આપશે. 30 મેના રોજ જનરલ અનિલ ચૌહાણનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ તેઓ પદ સંભાળશે.

લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણ્ય ચાર દાયકાથી વધુની વિશિષ્ટ સેવા ધરાવતા ઉચ્ચ કક્ષાના અધિકારી છે. તેઓ હાલમાં સપ્ટેમ્બર 2025 થી રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયમાં લશ્કરી સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે અગાઉ પશ્ચિમ અને ઉત્તરીય મોરચા પર મુખ્ય ઓપરેશનલ ફોર્મેશન્સનું કમાન્ડિંગ કરવા ઉપરાંત, આર્મી સ્ટાફના વાઇસ ચીફ અને સેન્ટ્રલ કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ તરીકે સેવા આપી હતી.

# NAVY CHIEF

કેન્દ્ર સરકારે વાઈસ એડમિરલ કૃષ્ણા સ્વામીનાથનને, દેશના આગામી નૌસેના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ હાલમાં પશ્ચિમી નૌસેના કમાનના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફના પદ પર કાર્યરત છે. તેમની પાસે નૌસેનામાં ઓપરેશનલ, વ્યૂહાત્મક અને પર્સનલ મેનેજમેન્ટ પદો પર લગભગ ચાર દાયકા સુધી કામ કરવાનો શાનદાર અનુભવ છે. તેઓ એડમિરલ દિનેશ કુમાર ત્રિપાઠીનું સ્થાન લેશે, જેઓ 31 મે ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે.

વાઈસ એડમિરલ કૃષ્ણા સ્વામીનાથન, આ પહેલા નૌસેનાના 46મા ઉપ-પ્રમુખ, ચીફ ઓફ પર્સનલ, કંટ્રોલર ઓફ પર્સનલ સર્વિસીસ, પશ્ચિમી નૌસેના કમાનના ચીફ ઓફ સ્ટાફ, ફ્લેગ ઓફિસર ડિફેન્સ એડવાઈઝરી ગ્રુપ, ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ વેસ્ટર્ન ફ્લીટ અને ફ્લેગ ઓફિસર સી ટ્રેનિંગના પદ પર કાર્ય કરી ચૂક્યા છે. તેઓ વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રમાદિત્યના બીજા કમાન્ડિંગ ઓફિસર હતા. કૃષ્ણાએ 1 જુલાઈ, 1987ના રોજ ભારતીય નૌસેનામાં કમિશન પ્રાપ્ત કર્યું હતું.

# INDIAN OCEAN DIALOGUE

હિંદ મહાસાગર સંવાદ ગઈકાલે નવી દિલ્હીમાં પૂર્ણ થયો. બે દિવસીય કાર્યક્રમની વિષય વસ્તુ "બદલાતા વિશ્વમાં હિંદ મહાસાગર ક્ષેત્ર" હતી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે હિંદ મહાસાગર ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પ્રાદેશિક વિકાસ અને ઉભરતા પડકારો પર ચર્ચા કરવા માટે ઇન્ડિયન ઓશન રિમ એસોસિએશનના સભ્ય દેશોના વરિષ્ઠ અધિકારીઓ, નીતિ નિર્માતાઓ, વિદ્વાનો અને નિષ્ણાતોએ સંવાદમાં ભાગ લીધો હતો.

બદલાતા ભૂરાજકીય અને આર્થિક પરિદૃશ્ય વચ્ચે હિંદ મહાસાગર ક્ષેત્રમાં સહકાર, સામૂહિક સુરક્ષા અને ટકાઉ વિકાસના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. મંત્રાલયે જણાવ્યું હતું કે આ સંવાદ "મહાસાગર" અને તેની "પડોશી પ્રથમ" નીતિના વિઝન હેઠળ શાંતિપૂર્ણ, સ્થિર અને સમૃદ્ધ હિંદ મહાસાગર ક્ષેત્ર પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે.

# SL-INDIA FERRY STRANDED

ઉત્તર શ્રીલંકાના કાંકેસંથુરાઈ અને ભારતના નાગપટ્ટીનમ વચ્ચે ચાલતી એક પેસેન્જર ફેરી એન્જિનમાં ગઈરાત્રે ખામી સર્જાતા ઘણા કલાકો સુધી દરિયામાં ફસાઈ ગઈ હતી.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફેરી બપોરે લગભગ 2.30 વાગ્યે કાંકેસંથુરાઈથી રવાના થઈ હતી અને લગભગ ચાર કલાકમાં નાગપટ્ટીનમ પહોંચવાનું હતું.

જોકે, દરિયામાં ખરાબ સ્થિતિ અને યાંત્રિક ખામી સર્જાયા બાદ જહાજ રાત્રે લગભગ 10.45 વાગ્યે પહોંચ્યું. 144 મુસાફરોને લઈને જતી ફેરીમાં નાગપટ્ટીનમ કિનારાથી લગભગ બે નોટિકલ માઈલ દૂર કલ્લાર નજીક એન્જિનમાં ખામી સર્જાઈ. જોકે માછીમારો અને જહાજની મદદથી તેને દરિયા કિનારે પહોંચાડાયું હતું.બધા મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

# DAY IPL CRICKET

IPL ક્રિકેટમાં, આજે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ રમાશે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. અગાઉ, કોલકાતા નાઈટ રાઇડર્સે ગઈકાલે દિલ્હી કેપિટલ્સને 8 વિકેટે હરાવ્યું હતું. 143 રનના વિજય લક્ષ્યનો પીછો કરતા, કોલકાતા નાઈટ રાઇડર્સે 14.2 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 147 રન બનાવી લીધા હતા.